# ગુજરાતમાં 'બંધ' દરમિયાન ઠેર ઠેર હિંસા

## બંધને મિશ્ર પ્રતિસાદ મળતાં દલિતોએ બળજબરીથી બજારો બંધ કરાવ્યા, તોડફોડ, આગચંપી કરાઈ : અમદાવાદ શહેરમાં ૨૫થી વધારે બસોને તોડફોડ કરી નુકસાન પહોંચાડાયુ ચાંદખેડામાં દલિતોનો જોરદાર પથ્થરમારો, પાંચ પોલીસ કર્મચારીઓ ઘાયલ










અમદાવાદ,તા. ૨ એસસી.એસસી એક્ટમાં નોંધનીય ફેરફાર સાથેની માર્ગદર્શિકા જારી કરવાના સુપ્રીમ કોર્ટના ચુકાદાને લઈ ગુજરાત સહિત દેશભરના દલિતઆલમમાં ઉગ્ર રોષ અને વિરોધનો આક્રોશ ભભૂકી ઉઠયો છે. દલિત સમાજ દ્વારા અપાયેલા ભારત બંધના એલાનને એકંદરે મિશ્ર પ્રતિસાદ સાંપડયો છે. અમદાવાદ શહેર સહિત રાજયભરમાં બંધના એલાનના મિશ્ર પ્રત્યાઘાત જોવા મળ્યા હતા પરંતુ બંધનું એલાન હિંસક અને જલદ બની રહ્યું હતું. જેને લઈ રાજયભરના લોકોમાં એક પ્રકારે દહેશતની લાગણી ફેલાઈ ગઈ હતી. દલિત વિસ્તારોમાં બંધનું એલાન સજ્જડ રહ્યું હતુ તો, બીજા વિસ્તારોમાં બંધની અસર નહીવત્ જણાઈ હતી. જો કે, આજે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં રોષે ભરાયેલા દલિત સમાજના લોકોએ જાહેરમાં રસ્તા પર આવી જઈ એએમટીએસ બસ, એસટી બસ, પોલીસ વાન સહિતની જાહેર મિલકતોને નુકસાન, તોડફોડ અને આગચંપીની ઘટનાઓને અંજામ આપવામાં આવ્યો હતો, જેને લઈ બપોર પછી શહેર સહિત રાજયભરમાં અંજપાભરી સ્થિતિ જોવા મળતી હતી. દલિત સમાજમાં ઉગ્ર આક્રોશ ભભૂકેલો જોઈ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તી રહી હતી. સ્થિતિની ગંભીરતા ધ્યાને લઈ રાજય સરકાર અને ગૃહવિભાગે પોલીસ પાસેથી ડિટેઈલ્ડ રિપોર્ટ માંગ્યો હતો. અમદાવાદમાં જ દલિત સમાજે ૨૫થી વધુ બસોમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડયુ હતું. અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આજે દલિત સમાજના દેખાવોમાં દલિત મહિલાઓ પણ વિરોધ પ્રદર્શનમાં આગળ પડતી રહી હતી.

ચાંદખેડામાં મોડી સાંજે દલિતોના તોફાની ટોળાએ જોરદાર પથ્થરમારો કર્યો હતો, જેમાં ત્રણ મહિલા પોલીસ કોન્સ્ટેબલ સહિત પાંચ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા.અમદાવાદમાં સૌથી વધુ તંગ અને ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સારંગપુર વિસ્તારમાં જણાઈ હતી, જયાં દલિત સમાજના બેકાબૂ બનેલા સેંકડો લોકોના ટોળાએ એક તબક્કે પોલીસવાનમાં તોડફોડ ચલાવી હતી, જેને લઈ પોલીસને આઠથી વધુ ટીયરગેસના શેલ છોડી પરિસ્થિતિ કાબૂમાં લેવાની ફરજ પડી હતી. આ ઘટના બાદ દલિત સમાજના લોકો અને પોલીસ વચ્ચે રીતસરનું ગંભીર ઘર્ષણ સર્જાયું હતું. જો કે, પોલીસે પોતાની પર બહુ સંયમ જાળવ્યો હતો.

સારંગપુર બ્રીજ પર દલિત સમાજના તોફાની ટોળા દ્વારા પથ્થરમારો કરી જબરદસ્ત આંતક મચાવ્યો હતો. સારંગપુર ખાતે સૌથી વધુ વિરોધ અને ઉગ્ર પ્રદર્શન જોવા મળ્યા હતા, જેમાં આવેશમાં આવી જઈ કલોલના વતની એવા મુકેશ નામના એક દલિત યુવકે પોતાના હાથની નસ કાપી લોહિયાળ વિરોધ વ્યકત કર્યો હતો. સરસપુર વિસ્તારમાં પણ દલિત સમાજના ટોળાએ ટાયરોને આગ ચાંપી રસ્તાઓ પર ટ્રાફિક ચક્કાજામ કર્યો હતો. આ સિવાય શહેરના ગોમતીપુર, અસારવા, દાણીલીમડા, રખિયાલ, ચાંદખેડા, વાડજ, દૂધેશ્વર, આંબાવાડી, સીજી રોડ, સીટીએમ, જશોદાનગર, કાંકરિયા અનુપમ સિનેમા રોડ, વિરાટનગર, ઓઢવ સહિતના વિસ્તારોમાં પણ દલિત સમાજના ટોળાઓએ રસ્તાઓ પર ઉતરી આવી એએમટીએસ, બીઆરટીએસબસોને તોડફોડ અને ટાયરો સળગાવી આગચંપી કરી હતી. તો બળજબરીપૂર્વક અને તોડફોડ કરી દુકાનો અને ધંધા રોજગારના સ્થળો બંધ કરાવવાનો પ્રયાસ કર્યો હતો, જેને લઈ સમગ્ર શહેરમાં વાતાવરણ ડહોળાઈ ગયું હતું. એક તબક્કે લોકો દહેશતના ઓથાર હેઠળ આવી ગયા હતા.

દલિત સમાજના લોકો દ્વારા વિવિધ વિસ્તારોમાં બળજબરીપૂર્વક અને તોડફોડ કરી દુકાનો અને ધંધા-રોજગારના સ્થળો બંધ કરાવવાના પ્રયાસમાં સ્થાનિક લોકો સાથે ઘર્ષણના બનાવો પણ બન્યા હતા. દલિત પ્રદર્શનકારીઓ આજે સવારે સારંગપુર ન્યુ કલોથ માર્કેટમાં દરવાજા ઉપર ચઢીને અંદર ઘૂસી ગયા હતા અને સમગ્ર માર્કેટને બંધ કરાવવાનો પ્રયાસ કર્યો હતો. સેંકડો દલિતોના ટોળા અને તેમનો આક્રોશ જોઈ સ્થાનિક વેપારીઓ અને મહાજનો ગભરાઈ ગયા હતા. તો, બપોર બાદ સેંકડો દલિતોનું ટોળુ ગિરધરનગર રેલ્વે ટ્રેક પર પહોંચી ગયુ હતુ અને ત્યાં અચાનક જ એક ટ્રેન રોકી પ્રદર્શનકારીઓ ટ્રેન પર ચઢી ગયા હતા. કેટલાક વિસ્તારોમાં દલિતો રસ્તા પર સૂઈ ગયા હતા, તો કયાંય રસ્તા વચ્ચે જ ધરણાં પર બેસી ગયા હતા તો, કયાંક તીર-કામઠા સાથે પ્રદર્શનો અને રેલી કાઢયા હતા. અમદાવાદ સહિત રાજયના વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર સહિતના શહેરોમાં દલિતોનો આક્રોશ ભભૂકી ઉઠયો હતો અને ત્યાં પણ દલિત આગ જોવા મળી હતી. આ શહેરોમાં પણ ઠેર-ઠેર દુકાનો-બજારો બંધ કરાવવા સેંકડો દલિતો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા, તો કયાંક સીટી બસ અને એસટી બસમાં તોડફોડ, ટાયરો સળગાવી આગચંપી અને હાઈવે પર ટ્રાફિક ચક્કાજામની ઘટનાઓ જાણે સામાન્ય બની રહી હતી. જેને પગલે રાજયભરમાં દલિત આક્રોશની જવાળાએ પ્રજાજનોને જાણે દઝાડયા હતા.

### અધિકારીઓ બદલાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

| | | |
|---|---|---|
| ડી.કે. પ્રવિણા | નિયામક મ્યુનિ. | કલેક્ટર સાબરકાંઠા |
| એમ. નાગરાજન | તા. મ્યુનિ. કમિ. સુરત | કલેક્ટર અરવલ્લી |
| વિજયકુમાર ખરાડી | કલેક્ટર છોટાઉદેપુર | કલેક્ટર દાહોદ |
| બી.એ. શાહ | મેને. ડિરેક્ટર ઉ. ગુ.વિ. કંપની | ડીડીઓ બનાસકાંઠા |
| ડી.કે. પારેખ | નિયામક રોજગાર તાલીમ | ડીડીઓ સુરત |
| આર.કે. પટેલ | ડીડીઓ અરવલ્લી | ડીડીઓ દાહોદ |
| બી.કે. પંડ્યા | અધિક કમિશ્નર સેલ્સટેક્ષ | મેને. ડિ. પશ્ચિમ ગુ. વીજ કંપની |
| સૌરભ પારધી | ડીડીઓ અમદાવાદ | કલેક્ટર જૂનાગઢ |
| આયુષ સંજીવ | ડીડીઓ ભાવનગર | કલેક્ટર અમરેલી |
| રાજેશ કાંકીયથી | ડીડીઓ સુરત | કલેક્ટર સુરેન્દ્રનગર |
| સુજલ માયત્રા | ડીડીઓ દાહોદ | કલેક્ટર છોટાઉદેપુર |
| જી.ટી. પંડ્યા | ડીડીઓ રાજકોટ | મેને. ડિરેક્ટર જીએમઈઆરએસ |
| કિરણ ઝવેરી | ડીડીઓ પંચમહાલ | ડીડીઓ વડોદરા |
| સુશ્રી સ્તુતિ ચારણ | ડીડીઓ અરવલ્લી | ડીડીઓ સાબરકાંઠા |
| અરૂણ મહેશબાબુ | નાયબ મ્યુ. કમિશ્નર રાજકોટ | ડીડીઓ અમદાવાદ |
| હર્ષિત ગોસાવી | ના.મ્યુનિ. કમિશ્નર અમદાવાદ | ડીડીઓ અરવલ્લી |
| રચિત રાજ | આસિ. કલેક્ટર અરવલ્લી | ડીડીઓ છોટાઉદેપુર |
| સુશ્રી પ્રહસ્તી પ્રેરક | આસિ. કલેક્ટર લુણાવાડા | ડીડીઓ જામનગર |
| પ્રણવ જોશી | આસિ. કલેક્ટર, રાજકોટ | ડીડીઓ કચ્છ |
| વરૂણ જે. બ્રનરાલ | આસિ. કલેક્ટર ઝઘડિયા | ડીડીઓ ભાવનગર |
| જેન્કી પિલીયત | આસિ. કલેક્ટર બરવાળા | ડીડીઓ નર્મદા |
| અજય દહીયા | આસિ. કલેક્ટર મોરબી | ડીડીઓ પોરબંદર |
| પ્રવિણ ચૌધરી | આસિ. કલેક્ટર છોટાઉદેપુર | ડીડીઓ જૂનાગઢ |
| વી. અરવિંદ | આસિ. કલેક્ટર કચ્છ | ડીડીઓ મહિસાગર |
| આસિશકુમાર | આસિ. કલેક્ટર ગોધરા | ડીડીઓ બોટાદ |
| અનિષ રાનાવાલિયા | ઉપસચિવ નાગરિક પુરવઠા | ડીડીઓ રાજકોટ |
| અમૃતેશ અરણ ગાબડકર | ડીડીઓ છોટાઉદેપુર | શહેરી વિકાસ વિભાગ |
| અમીત અરોરા | ડીડીઓ બનાસકાંઠા | શહેરી વિકાસ વિભાગ |
| જી.એમ. મકવાણા | ડીડીઓ વલસાડ | શહેરી વિકાસ વિભાગ |
| તુષાર સુમેરા | ડીડીઓ નવસારી | શહેરી વિકાસ વિભાગ |
| વિશાલ ગુપ્તા | નાયબ સચિવ, નાણા વિભાગ | શહેરી વિકાસ વિભાગ |
| સી.પી. નીમા | ડીડીઓ પોરબંદર | શહેરી વિકાસ વિભાગ |

## ધાનેરા નગરપાલિકાનાં કાયદા-નિયમોની ધાનેરા જૈન સંઘ દ્વારા પોતાનું મનસ્વી વર્તન ચાલુ રાખ્યું

ધાનેરામાં શાન્તિ બજારમાં આવેલ જૈન દેરાસરનું બાંધકામ નગરપાલિકાની કોઈ પણ જાતની પરવાનગી વગર તથાં કાયદા- (કાયદાની) પરવા કર્યા વગર પોતાનું બાંધકામનું કામ ચાલુ રાખ્યું છે. નગરપાલિકાએ નોટીસ આપી છે પણ કોની રહેમ નજરથી આ જૈન સંઘ પર કડક હાથે કામ લેશે? જૈન સંઘમાં અંદરો અંદરનાં ઝઘડામાં પરિસ્થિતિ વધું બગડી રહી છે અને કાયદાને ધોળીને પી જનાર



નિયમોની ઐસી-તૈસી કરીને મનસ્વી વર્તન અપનાવી રયા છે ત્યારે એક જાગૃત નાગરિક દ્વારા નગરપાલિકા ધાનેરાનું ધ્યાન દોરતાં નગરપાલિકાએ નોટીસ આપી છે પરંતુ એવી નોટીસ કેટલીય આવશે તેવી રીતે નોટીસની કામ ચાલું છે તે સમજાતું નથી શું?

નગરપાલિકા નાં કાયદાની પરવા નથી અને નોટીસ ને પણ ફગાવીને મનસ્વી વર્તન કરનારા જૈન સંધ પર નગરપાલિકા તાકીદે પગલા ભરી દંડ જેવી મોટી રકમ વસુલ કરી મનસ્વી વર્તન ધરાવનારા જૈન સંધ પર તાકિદે ધાનેરા નગરપાલિકામાં નવાં આવેલ પ્રમુખ શ્રી પગલા ભરશે તેવી લોકોની માંગ છે જો પગલા ભરવામાં નહી આવેતો અન્ય લોકો પણ આ પરથી સીખીને નગરપાલિકામાં મંજુરી લેવાનું કોઈ વિચારશે નહી.



## ડિસા શહેરમાં ચૈત્રી નવરાત્રિ નિમિત્તે અચરીનો કાર્યક્રમ લોધા સમાજ દ્વારા યોજાવામાં આવ્યો

ડિસા શહેરમાં વસતા નેતા સમાજ દ્વારા ચૈત્રી નવરાત્રિ નિમિત્તે પોતાની આગવી પરંપરા પ્રમાણે અચરીનો પ્રસંગ ઉજવાયો હતો. જે ચૈત્રી સુદ એકમથી સમગ્ર માસ દરમિયાન વ્હીવિત પરિવારોને પરિવારોના ત્યાં ધામધૂમપૂર્વક ઉજવાય છે. પ્રથમ હિંગળાજ માતાના અને અંબે માતાના મંદિરે બાદમાં સાતતો માતાના મંદિરે અચરીની ઉજવણી કરવામાં આવે છે. જેમાં લોધા સમાજના મિત્ર મંડળના યુવકો પોતાની આગવી અને ઉત્તર પ્રદેશની ભાષામાં ગીત-સંગીત સાથે અચરી રજૂ કરે છે ઉગત રોડ ડીસા શહેરના રેલવેટેશન વિસ્તારમાં ભગવાનસિંહ ખેમચંદજી લોધા પરિવાર દ્વારા અચરીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

### મિશ્ર પ્રતિસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપરાંત પ્રદર્શન બપોર બાદ તેજ બનતા શાળા સંચાલકોએ શાળા કોલેજના વિદ્યાર્થીઓને વહેલા છોડી મુક્યા હતા. આ વિરોધ પ્રદર્શનથી ગાંધીનગર શહેરમાં વિવિધ સરકારી કચેરીમાં કામ કરતા કર્મચારીઓ પણ ઓફિસ જતા અટવાયા હતા. જ્યારે શહેરના મોટા ભાગના વિસ્તારમાં લારી-ગલ્લા અને દુકાનો પણ બંધ કરાઈ હતી. આ બંધને પગલે શહેરના માર્ગો પર સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો. જો કે કોઈ જાહેર મિલ્કતને પ્રદર્શનકારીઓએ નુકશાન થવા પામ્યુ ન હતુ અને બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.

### માફી સ્વીકારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકો દ્વારા આપવામાં આવેલી માહિતીના આધાર ઉપર કરવામાં આવ્યા હતા પરંતુ આ માહિતી ખોટી હતી. કોઈ પણ આરોપના સમર્થનમાં પુરાવા મળી શક્યા ન હતા. જેટલીએ ૫મી ઓગસ્ટના દિવસે અરવિંદ કેજરીવાલ અને અન્યોની સામે ગભીર આક્ષેપો કરતા કહ્યું હતું કે, તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

### ગુણોત્સવમાં સમાવેશ... ● ત્રીજા પાનાનું ચાલુ

પ્રવૃત્તિને પણ જોડવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. ગુણોત્સવને લઈ તંત્ર દ્વારા હાલ તડામાર તૈયારીઓ ચાલી રહી છે તો સર્વ શિક્ષા અભિયાન દ્વારા પણ લેખન-વાંચન-ગણનની કસોટી બાબતેનું સંગ્ર સાહિત્ય તૈયાર કરી દેવામાં આવ્યુ છે અને જિલ્લાઓમાં તે રવાના કરી દેવામાં આવ્યુ છે.

ગુણોત્સવ દરમ્યાન શાળાના સમયમાં પણ ફેરફાર કરવાના હુકમો રાજ્ય સરકારે રાજ્યમાં વધતા જતા ગરમીના પ્રકોપને ધ્યાને રાખી કર્યો છે. હવે ગુણોત્સવ સવારે ૮.૩૦ થી ૩.૩૦ દરમ્યાન યોજાશે.

### સે.૧ તળાવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવાનુ સ્વપ્ન વર્ષોના અંતે પણ સાકાર થયુ નથી. સે -૧ ના તળાવનુ કામ દાયકા પુર્વે હાથ ધરાયુ હતુ. જયારે છેલ્લા દસ વર્ષમાં તળાવના નિર્માણ સહીત આનુસંગિક વ્યવસ્થા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. તળાવને અનુલક્ષી તંત્ર દ્વારા સહેલાણીઓ માટે ખાણીપીણીના સ્ટોલ્સ બનાવવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ માટે નિર્માણ કરાયેલી દુકાનો પણ હજુ બિનઉપયોગી જ છે. તળાવની ફુડકાર્ટના મામલે દુકાનો પણ લાંબા સમયના અંતે ફાળવવામાં ન આવતા દુકાનો ખંડેર બનતી જાય છે.બીજીતરફ તળાવ નિર્માણ થયુ ત્યારથી અત્યાર સુધી તેમાં પાણી પણ ભરાયુ નથી. તળાવમાં પાણીનુ ટીપુ પણ ટકતુ નથી. સે-૧ ના તળાવના તળિયાની તરસ ન છીપાતા કરોડોના તોતિંગ ખર્ચના અંતે પણ તળાવની રોનક નિખરી નથી. થોડા સમય અગાઉ જ તંત્ર દ્વારા આ માટે વસ્ત્રાપુર તળાવનો પણ અભ્યાસ કરવામાં આવ્યો હતો. જયારે તળિયામાં પાણી ભરાય તે માટે અત્યાર સુધી માર્ગ મકાન વિભાગ કક્ષાએ અભ્યાસ સિવાય કાંઈ થઈ શક્યુ નથી. જેના લીધે તળાવને પિકનીક સ્પોટ બનાવાની યોજના સાકાર થઈ નથી. જયારે હવે આ તળાવને કોર્પોરેશનને સોંપી દેવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આ માટે તંત્ર દ્વારા દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે. ટુકમાં સે-૧ તળાવની યોજના હજુ પણ મરણપથારીએ જ રહેશે કે જીવંત બનશે તે જોવાનુ રહયુ .

### તરત સુનાવણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આદેશ જારી કર્યો હતો. આ ઉપરાંત એસસી-એસટી એક્ટ હેઠળ દાખલ કરવામાં આવનાર મામલામાં આગોતરા જામીનને મંજુર પણ આપી હતી. આને લઈને દેશભરમાં દલિત સમુદાયે જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. આજે ભારત બંધની જાહેરાત કરવામાં આવી હતી. અલબત આ વિરોધ હિંસક સ્વરૂપમાં ફેરવાઈ જતા વ્યાપક હિંસા થઈ હતી. અનેક શહેરોમાં વાહનોમાં ભારે તોડફોડ કરવામાં આવી હતી. સંપત્તિને નુકસાન પહોંચડાવામાં આવ્યું હતું. ટ્રેનો રોકવામાં આવી હતી. આ હિંસામાં પાંચ લોકોના મોત થઈ ગયા હતા. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ કાયદા હેઠળ દાખલ કરવામાં આવેલા મામલાઓમાં ઓટોમેટીક ધરપકડ કરવાને બદલે પોલીસને સાત દિવસની અંદર તપાસ કરવી જોઈએ અને ત્યાર બાદ કાર્યવાહી કરવી જોઈએ. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, સરકારી અધિકારીની ધરપકડ અપોઈંટિંગ ઓથોરિટીની મંજુરી વગર થવી જોઈએ નહીં. બિન સરકારી કર્મચારીની ધરપકડ માટે એસએસપીની મંજુરી લેવી પડશે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ દલિતમાં જોરદાર નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું. કેન્દ્ર , દલિત કાર્યકરો, કોંગ્રેસ, આરજેડી સહિત અનેક વિરોધ પક્ષોએ વાધો ઉઠાવ્યો હતો. આ તમામે એવી રજુઆત કરી હતી કે એસસી-એસટી એક્ટ કમજોર થવાથી દલિતોની સામે હિંસા વધશે.

### ભારત બંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી. પોલીસ ગોળીબારની ફરજ પડી હતી. હિંસક વિરોધ પ્રદર્શનના પરિણામ સ્વરૂપે જનજીવન સંપૂર્ણ રીતે ખોરવાઈ ગયું હતું. દેશભરમાં દલિત સંગઠનોના લોકો બંધ કરાવવા માટે બહાર નિકળ્યા હતા. કેન્દ્રિય કાયદા મંત્રાલય દ્વારા એસસી -એસટી એક્ટ પર સુપ્રીમ કોર્ટમાં ફેરવિચારણા કરવા માટેની અરજી દાખલ કરવાની મંજુરી આપી દીધા બાદ અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ નારાજ થયેલા દલિત સમુદાયના લોકો દ્વારા આજે ભારત બંધની હાકલ કરવામાં આવી હતી. આ બંધને ધ્યાનમાં લઈને પંજાબમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ, પરિવહનસેવા બંધ રહી હતી. રાજ્યમાં આજે થનારી ધોરણ ૧૦ અને ૧૨મા ધોરણની સીબીએસઈની પરીક્ષા પણ મોકુફ કરી દેવામાં આવી હતી. દરમિયાન બિહાર અને ઓરિસ્સાંમાં કેટલીક જગ્યાએ ટ્રેનો રોકવામાં આવી હતી. એસસી અને એસટી એક્ટની સામે ભારત બંધની હાકલ કરવામાં આવી હતી. જેની અસર આજે બિહાર સહિતના સાત રાજ્યોમાં સૌથી વધારે પણ જોવા મળી હતી. બિહારના આરા, અરરિયા, જહાનાબાદમાં દેખાવકારોએ ટ્રેનો રોકી હતી. જોરદાર દેખાવો કરવામાં આવ્યા હતા. ઓરિસ્સાના સંબંલવપુરમા ટ્રેનો રોકવામાં આવી હતી. આજે દલિત સંગંઠનો દ્વારા કરવામાં આવેલી ભારત બંધની હાકલના કારણે પંજાબ સહિત અનેક રાજ્યોની સરકારે જાહેર પરિવહન સેવા મોકુફ કરી દીધી હતી. તમામ શૈક્ષણિક સંસ્થાઓને પણ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પંજાબમાં પરીક્ષા મોકુફ કરી દેવામાં આવી હતી.

પંજાબમાં પરીક્ષાની નવી તારીખ હવે ટુંક સમયમાં જ જાહેરાત કરવામાં આવનાર છે. કોઈ પણ પ્રકારની હિંસા ન થાય તે માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષ ઉપરાંત એનડીએના દલિત અને પછાત વર્ગથી આવનાર જનપ્રતિનિધીઓ દ્વારા મોદી સરકારને રિવ્યુ પિટિશન દાખલ કરવા માટે અપીલ કરી હતી. ત્યારબાદ કેન્દ્ર તરફથી આજે અર્જી કરવામાં આવી હતી. એનડીએ સરકારના કેટલાક સાથી પક્ષો દ્વારા પણ ચુકાદાને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. સરકારી સુત્રોએ કહ્યુ છે કે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં દલીલ કરવામાં આવી છે કે કોર્ટના ચુકાદાના કારણે એસટી અને એસસી એક્ટ ૧૯૮૯ની જોગવાઈ નબળી પડી જશે. સરકારે એવી દલીલ પણ કરી છે કે કોર્ટના વર્તમાન આદેશના કારણે લોકોમાં કાયદાને લઈને ભય દુર થઈ જશે. કાયદાનો ભંગ વધારે થશે. થોડાક દિવસ પહેલા સુપ્રીમ કોર્ટે એસસી એને એસટી એક્ટના વધારે પડતા ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરી હતી. આ મામલે ચિંતા વ્યક્ત કરીને તેના હેઠળ નોંધવામાં આવેલા તરત ધરપકડના આદેશ પર વાંધો ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે તરત ધરપકડ કરવામાં ન આવે તે જરૂરી છે.